# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


=====================================================================

## અખબારી યાદી તા. ૨૮-૧૨-૨૦૨૧

- **કોરોના-ઓમિક્રોનના સંકટ વચ્ચે વાઈબ્રન્ટ સમિટ કેટલું યોગ્ય ? કોરોના - ઓમિક્રોનના કેસો વધતા તાકીદે વાઈબ્રન્ટ સમિટ રદ કરો : સિધ્ધાર્થ પટેલ**
- **અગાઉ કરોડોના એમ.ઓ.યુ. થયા પણ રોજગારી કેટલાને મળી ? : સિધ્ધાર્થ પટેલ**
- **વિદેશથી આવનારા ડેલિગેશન એક અઠવાડિયા માટે ક્વોરેન્ટાઈન થાય તે શક્ય છે ? : સિધ્ધાર્થ પટેલ**

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ૧૩૭માં સ્થાપના દિન અને સેવાદળના ૯૯માં સ્થાપના દિન નિમિત્તે રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસ પક્ષના ધ્વજને સલામી આપ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ વિશ્વનું સૌથી જુનુ રાજકીય સંગઠન છે. ૧૮૮૫માં અંગ્રેજો સામે લડાઈ લડવા માટે અને દેશમાં સામાજીક ન્યાયનું વાતાવરણ ઉભુ કરવા કોંગ્રેસ પક્ષની સ્થાપના થઈ. સમયજતા વિશ્વની સૌથી મોટી આઝાદીની ચળવળ પણ કોંગ્રેસપક્ષના નેતૃત્વમાં લડાઈ. અનેક મહાનુભાવોએ પોતાના જીવનનું બલિદાન આપ્યું. **કોંગ્રેસ પક્ષના પાયામાં સર્વધર્મ સમભાવ, સામાજીક ન્યાય અને વાણી સ્વાતંત્ર્યતા મુખ્ય સિધ્ધાંતો** છે. રજવાડાઓનું એકત્ર કરી દેશ એક બન્યો. ખેડૂતોને ખેતરના માલિક બનાવ્યા, હરિતક્રાંતિ અને શ્વેતક્રાંતિ દ્વારા દેશમાં પ્રગતિની સિદ્ધી સાકાર કરી. કોંગ્રેસ પક્ષના નેતૃત્વમાં દેશના નાગરિકોની આર્થિક પ્રગતિ થઈ. **કેન્દ્રમાં ૨૦૦૪ થી ૨૦૧૪ દસ વર્ષમાં દેશના નાગરિકોને શિક્ષણનો અધિકાર, રોજગારનો અધિકાર, જંગલના જમીનનો અધિકાર, માહિતી અધિકાર અને અન્ન સુરક્ષા અધિકાર જેવા અનેક કાયદાઓ આપીને દેશમાં હક્ક અને અધિકાર આધારીત સિદ્ધી હાસલ કરી સામાન્ય નાગરિકોના જીવનમાં આમુલ પરિવર્તન લાવવા માટે કોંગ્રેસ માધ્યમ બની.**

રાજ્યમાં આગામી ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમિયાન વાઈબ્રન્ટ સમિટ યોજાવા જઈ રહી છે. જો કે, વિશ્વભરમાં અને દેશમાં તેમજ ગુજરાતમાં ઓમિક્રોનનું સંકટ ઘેરાયું છે. આ ઉપરાંત કોરોનાએ પણ માથું ઊંચક્યું છે ત્યારે સરકાર આ વાઈબ્રન્ટ સમિટ તાકીદે રદ કરે તેવી માગણી કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે. કોરોના અને ઓમિક્રોનના સંકટ વચ્ચે વાઈબ્રન્ટ સમિટ તાયફો બનીને રહી ગઈ છે અને તાકીદે આ રદ કરવી જોઈએ. વિદેશથી આવનારા ડેલિગેશનને એક સપ્તાહ પહેલા આવવું પડે અને ફરજિયાત ક્વોરેન્ટાઈન રહેવું પડે તેવી સ્થિતિમાં કોઈ આવશે જ નહીં. રાજ્ય સરકાર માત્રને માત્ર તાયફા કરી રહી છે અને પોતાની પ્રસિદ્ધી માટે લોકોના જીવ જોખમમાં મુકી રહી છે. ભૂતકાળમાં પણ અનેક એમ.ઓ.યુ. થયા હતા અને તેમાં કોઈને રોજગારી મળી નથી તેવું પણ તેમણે કહ્યું હતું. રાજ્યમાં હાલ કોરોનાનું સંક્રમણ પણ વધ્યું છે ત્યારે વાઈબ્રન્ટ સમિટ વચ્ચુઅલી રાખવામાં આવે તેવી માંગણી પણ કરવામાં આવી હતી.

રાજ્યમાં કોરોનાએ બેવડી સદી ફટકારી છે તો સાથે સાથે ઓમિક્રોન પણ જેટ ગતિએ આગળ વધી રહ્યો છે. આવા સમયે આગામી જાન્યુઆરીમાં તા. ૧૦ થી ૧૨ દરમિયાન વાઈબ્રન્ટ સમિટ યોજાવા જઈ રહી છે. ગુજરાત અને ગુજરાતીઓને કોરોના મહામારીમાં બચાવવાની જવાબદારી રાજ્ય સરકારની છે પણ કમનસીબે ભાજપ સરકાર મહામારીમાં સંક્રમણ વધે - ફેલાય તેવા કાર્યક્રમો અને ઉત્સવો કરે તે કેટલે અંશે વ્યાજબી ? તેવો પ્રશ્ન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી સિધ્ધાર્થ પટેલે જણાવ્યું હતું કે, સરકાર પોતાની પ્રસિદ્ધી માટે તાયફા કરી રહી છે અને લોકોના જીવને જોખમમાં મૂકી રહી છે. ઓમિક્રોન અને કોરોનાએ હાહાકાર મચાવ્યો છે તેવા કપરા સમયમાં આ વાઈબ્રન્ટ સમિટ યોજવી શક્ય જ નથી પણ સરકાર માનતી નથી કાં તો વાયબ્રન્ટ રદ કરી દેવી જોઈએ અથવા તો વર્ચ્યુઅલી રાખવી જોઈએ પણ સરકાર તેમ કરતા નથી. ઓમિક્રોને વિદેશમાં પણ હાહાકાર મચાવ્યો છે અને મોટાભાગના ડેલિગેશન વિદેશથી આવવાના છે ત્યારે હવે ત્યાંથી પણ કોઈ આવી શકે તેવી શક્યતાઓ નથી. વાઈબ્રન્ટમાં ભાગ લેવા માટે આવનારા ડેલિગેશનને એક સપ્તાહ પહેલાં અહીંયા આવવું પડે અને ફરજિયાત ક્વોરેન્ટાઈન થવું પડે તે કોઈને પાલવે એમ નથી. આ સિવાય ડેલિગેશન પોતાના દેશમાં પરત ફરે ત્યારે પણ તેણે એક સપ્તાહ ફરજિયાત ક્વોરેન્ટાઈન થવું પડે તેમ છે. આવી વિષમ સ્થિતિ વચ્ચે વાઈબ્રન્ટ સમિટ યોજવી શક્ય જ નથી પણ સરકાર પોતાની પ્રસિદ્ધી માટે ભૂખી છે અને જીવના જોખમે વાઈબ્રન્ટ સમિટ યોજવા માટે મક્કમ બની છે.

( ડૉ. મનિષ એમ. દોશી )
મુખ્ય પ્રવક્તા